શહેરમાં ટ્રાફિક પરત્વે જાગૃતિ આવે તે માટે શહેર વસાહત મંડળ અને ગાંધીનગર ટ્રાફિક પોલીસ દ્વારા તા. ૧૧ જાન્યુ. થી તા. ૧૫ જાન્યુ. સુધી માર્ગ સુરક્ષાની ઉજવણીનાં ભાગરૂપે આજરોજ પથિકાશ્રમ સર્કલ પાસે વાહનચાલકોને સીટ બેલ્ટ બાંધવા, હેલ્મેટ પહેરવા તેમજ ટ્રાફિકના નિયમોનાં પાલન અંગે સમજણ આપવામાં આવી હતી. આ પ્રસંગે અરૂણભાઈ ભુચ, અંજના નિમાવત, બી.એ. શુકલ, સીતારામભાઈ પટેલ, ટ્રાફિક પોલીસ અધિકારી, આરટીઓ ઓફીસર તેમજ અન્ય અગ્રણીઓ ઉપસ્થિત રહ્યા હતા. (તસવીર : કશ્યપ નિમાવત)

શહેરમાં મહિલા છારા ગેંગ સક્રિય

સે. ૬ શિવપુરાણ કથામાં ભીડભાડનો લાભ લઈ એક મહિલા શ્રોતાના ગળામાંથી બે તોલાનો દોરો સેરવી ગઈ

ગાંધીનગર, તા. ૧૨

ભીડભાડ વાળી જગ્યાએ જઈને તકનો લાભ લઈ ગળામાંથી દોરો કે મંગળસૂત્ર જે હાથે આવ્યું તે કટર વડે કાપીને સરકાવી લેતી છારા ગેંગ ગાંધીનગર શહેરમાં સક્રીય થઈ જવા પામી છે. સે. ૬-બી માં બેસેલી શિવપુરાણ કથામાં એક મહિલા શ્રોતાના ગળામાંથી આ ગેંગની સાગરીતે તક ઝડપીને બે તોલાનો સોનાનો દોરો સેરવી લીધો હતો. આ બનાવ અંગે સે. ૭ પોલીસે ગુનો દાખલ કરી કથામાં થયેલી વિડીયોગ્રાફીની ચકાસણી શરૂ કરી છે.

શહેરના સે. ૬-એ પ્લોટ નં. ૪૭૩/૧માં રહેતા ગુજરાત સમાચારના પત્રકાર તુષાર બારોટના માતુશ્રી ઈન્દુબેન રમણભાઈ બારોટ ગઈકાલે સેક્ટર-૬-બી ખાતે બેસેલી શિવપુરાણ કથા સાંભળવા ગયા હતા. સાંજે કથા સંપન્ન થયા બાદ પ્રસાદ વિતરણ વખતે ભીડ જામી હતી તે દરમ્યાનમાં ધક્કામુક્કી કરીને ભીડનો લાભ લઈ કોઈ મહિલા દ્વારા ગેંગની સાગરીતે ઈન્દુબેનના ગળામાંથી કટર વડે સોનાના આશરે બે તોલા વજનનો દોરો કાપી સેરવી લીધો હતો. ઘરે પહોંચ્યા ત્યારે ગળામાં ધ્યાન જતાં દોરો ગાયબ હતો. ઈન્દુબેનની ફરીયાદ લઈને સે. ૭ પોલીસમથકના પીએસઆઈ બોડાણાએ ગુનો નોંધી તપાસ શરૂ કરી છે. આ કથામાં થયેલી વિડીયોગ્રાફી અને ફોટોગ્રાફી પોલીસે તપાસ કરવા કથા આયોજક પાસેથી મંગાવી છે.

પેથાપુર ખાતે બંધ મકાનમાં તસ્કરોનો ૪.૨૦ લાખનો હાથફેરો

અકસ્માતમાં ઘાયલ દિકરો હોસ્પિટલમાં દાખલ હતો તેની સંભાળ માટે માતા અઠવાડિયાથી ત્યાં હતી : દરવાજાનું તાળુ તોડી દાગીના-રોકડ સાફ કરી ગયા

ગાંધીનગર, તા. ૧૨

પેથાપુરની ઓમકાર સોસાયટીના બંધ મકાનમાં તસ્કર ટોળકીએ મુખ્ય દરવાજાનું તાળુ તોડી તેમાં ઘુસીને રૂ. ૧૦ હજાર રોકડા તથા તાજેતરમાં જ પ્રસંગમાં આવેલા સોના-ચાંદીના દાગીના મળીને રૂ. ૪.૨૦ લાખની મત્તાની ચોરી કરી ટોળકી ફરાર થઈ ગઈ હતી. આ બનાવ અંગે વિધવા મકાન માલીકની ફરીયાદને આધારે પેથાપુર પોલીસે ઘરફોડ ચોરીનો ગુનો દાખલ કરીને ઉંડી તપાસ શરૂ કરી છે.

પેથાપુર ઓમકાર સોસાયટીના મકાન નં. બી/૪માં રહેતા વિધવા કૈલાશબેન બળવંતસિંહ ચાવડાના દિકરાને એક્સીડન્ટ થયો હોવાથી અમદાવાદની હોસ્પિટલમાં દાખલ છે. તેની સાર સંભાળ માટે માતા કૈલાશબેન પાંચમી તારીખથી એટલે કે અઠવાડિયાથી અમદાવાદ હતા. અને તેમનું મકાન બંધ હતું. તાજેતરમાં જ ઘરે પ્રસંગ ગયો હોવાથી સોના-ચાંદીના દાગીના પણ ઘરે પડ્યા હતા. જે લોકરમાં મુક્યા ન હતા. ગઈ રાત્રી દરમ્યાન તસ્કરોએ આ મકાનને નિશાન બનાવી લીધુ હતુ. મકાનના મુખ્ય દરવાજાનું તાળુ તોડીને તસ્કરો મકાનમાંથી રૂ. ૧૦ હજાર રોકડા તથા સોના-ચાંદીના કિંમતી દરદાગીના મળી કુલ રૂ. ૪,૧૯,૨૦૦ની મત્તા ઉઠાવી પલાયન થઈ ગયા હતા. મકાનમાલિક કૈલાશબેનને આ અંગે જાણ થતા ઘરે આવી પહોંચ્યા હતા. પોલીસને ઘરફોડ અંગે જાણ કરતા ડૉગ સ્કવોર્ડ અને ફિંગર પ્રીન્ટની ટીમ સાથે પેથાપુર પોલીસ આવી પહોંચી હતી. કૈલાશબેનની ફરિયાદને આધારે રૂ. ૪.૨૦ લાખની ઘરફોડ અંગે ગુનો દાખલ કરી સઘન તપાસ શરૂ કરવામાં આવી છે.

સમસ્ત બ્રહ્મસમાજ મહિલા પાંખ દ્વારા એક સ્નેહમિલનનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં બહેનો દ્વારા તૈયાર કરવામાં આવતી વિવિધ કલાકૃતિઓની પ્રદર્શની રાખવામાં આવી હતી. આ પ્રસંગે મહેમાન તરીકે જાણીતા એડવોકેટ શ્રી મુનીમ જોષી, શ્રી મીનાબેન ભટ્ટ, લતાબેન ચોકસી, પુષ્પાબેન મહેતા, વર્ષાબા ધાધલ તેમજ ઘણી મોટી સંખ્યામાં બહેનો ઉપસ્થિત રહી હતી. પ્રમુખશ્રી પ્રતિભાબેન અને કમિટી સભ્યો દ્વારા મહેમાનોનું સ્વાગત કરાયું હતું જયારે ગીતાબેન ગોરે સમગ્ર કાર્યક્રમનું સંચાલન કર્યું હતું. (તસવીર : કશ્યપ નિમાવત)

વાઈરલ રોગના ભરડામાં

● અનુસંધાન પહેલાનું ચાલુ

ગાંધીનગર શહેર માટે અલગ આરોગ્યનીતિ તૈયાર કરવાની વાતો કરતું તંત્ર અત્યારે મૌન બની ગયું છે અને આખીય વાત ફાઈલોમાં અટવાઈ ગઈ છે. શહેરના સેક્ટરોના દવાખાનાના અપગ્રેડશનનો મુદ્દો હવામાં ઓગળી ગયો હોય તેવું લાગી રહ્યું છે. જિલ્લામાં સતત વધતી જતી બિમારીનું પ્રમાણ અતિ ચિંતાજનક છે. બી.પી.-ડાયાબીટીસના દર્દીઓની સંખ્યા પણ વધી રહી છે તેવા અભ્યાસના તારણો અખબારોના પાને ચમકી ચુક્યા છે. શહેર-જિલ્લામાં એક જ સૌથી વધુ સુવિધા ધરાવતી હોસ્પિટલ છે. ગ્રામ્ય વિસ્તારમાં ચેરીટેબલ હોસ્પિટલો છે પણ તેમની ક્ષમતાઓ મર્યાદિત છે જે ઉલ્લેખનીય છે.

હવામાનમાં સતત બદલાવને કારણે શરદી, ગળામાં દુઃખાવો, વાઈરલના દર્દીઓની સંખ્યામાં નોંધપાત્ર વધારો નોંધાયો છે તે નિર્વિવાદ હકીકત છે. શહેરમાં વિદાય થયેલા વર્ષમાં મેલેરિયાના કેસોમાં ઘટાડો જોવા મળ્યો છે. પણ ડેન્ગ્યુ અને ચિકનગુનિયાના કેસો ચિંતાજનક રહ્યા છે. ચિકનગુનિયા વાઈરલના કેસો વધારે નોંધાયા છે પરંતુ ચિકનગુનિયા પોઝીટીવ કેસો ઓછા કેસો મળ્યા છે પરંતુ આ કેસો હતા તેવો આડકતરો એકરાર તંત્રના અધિકારીઓ કરે છે. જે રીતે સતત હવામાનમાં બદલાવ થઈ રહ્યો છે તેની સીધી અસર જીવન-આરોગ્ય પર પડી રહી છે તે એક કડવી વાસ્તવિકતા બની ઉભરી રહ્યું છે. ગાંધીનગર શહેર અને જિલ્લામાં આરોગ્ય સેવાઓના સુદૃઢીકરણને વધુ વેગીલુ અને અસરકારક અભિયાન હાથ ધરાય તેમ લોકો ઈચ્છી રહ્યા છે.

અમદાવાદમાં લઘુત્તમ તાપમાન ૧૦.૬ ડિગ્રી રહ્યું હતું. જે ગઈકાલની સરખામણીમાં આંશિક રીતે વધુ છે. તાપમાન ઘણી જગ્યાએ વધ્યુ હોવા છતાં ઠંડીનો અનુભવ લોકો કરી રહ્યા છે. અમદાવાદમાં લઘુત્તમ તાપમાન આવતીકાલે ૧૧ ડિગ્રીની આસપાસ રહે તેવી શક્યતા છે. રાજયમાં સૌથી વધારે ઠંડી આજે પણ નલિયામાં જ નોંધાઈ હતી. નલિયામાં તાપમાન ગઈકાલની સરખામણીમાં આંશિક રીતે વધીને ૫.૮ ડિગ્રી થયું હતું. જોકે નલિયા સૌથી વધારે ઠંડુ રહ્યું હતું. રાજયના જે વિસ્તારોમાં તાપમાન ૧૦થી પણ નીચે પહોંચી ગયું છે તેમાં ડિસા, ગાંધીનગર, વલસાડ, રાજકોટ, ભૂજ, નલિયાનો સમાવેશ થાય છે. તાપમાનમાં ઉતાર ચઢાવની સ્થિતિના પરિણામ સ્વરૂપે બાળકો અને મોટી વયના લોકો બિમારીઓના સકંજામાં આવી રહ્યા છે.

સમિતિની રચના..

● અનુસંધાન પહેલાનું ચાલુ

સીનીયર એકાઉન્ટ ઓફીસર અમદાવાદ એ.જી. કચેરીના સીનીયર એકાઉન્ટ ઓફિસર, પી.એ.ઓ. ગાંધીનગરની કચેરીના પગાર અને હિસાબ અધિકારી, હિસાબ અને તિજોરી નિયામકની કચેરીના સંયુક્ત નિયામક અને હિસાબ અધિકારી ઉપરાંત ટી.સી.એસ.ના પ્રોજેક્ટ મેનેજરનો સભ્ય તરીકે સમાવેશ કરવામાં આવ્યો છે. આ કમિટીએ એ.જી. કચેરીના હિસાબો સાથે આઈએફએમએસના હિસાબો મળી રહે તે પરત્વેના વિવિધ પાસાઓનું અધ્યયન કરી તથા એ.જી. કચેરીના હિસાબો તથા આઈએફએમએસના હિસાબો વચ્ચે જે વિસંગતતાઓ રહે છે તેના કારણો શોધી આઈએફએમએસમાં કરવાના થતાં સુધારા પરત્વે વિગતવાર અહેવાલ તૈયાર કરીને ૩૧-૧-૨૦૧૪ સુધીમાં નાણાં વિભાગને સુપ્રત કરવાનો રહેશે. આ કમિટીનો અહેવાલ આવ્યા બાદ તેની ભલામણોનો અભ્યાસ કરીને રાજય સરકાર ઓનલાઈન રીકન્સીલેશનની કામગીરી અમલી બનાવવાનો નિર્ણય લેશે.

ગાંધીનગર ઠંડુગાર...

● અનુસંધાન પહેલાનું ચાલુ

કલાકો હોવાથી લોકોએ પતંગ ચગાવવાની મજા માણી હતી. ઠંડીથી બચવા માટે પણ લોકો સવારથી જ પતંગ ચગાવવાના બહાને પણ છત પર પહોંચી ગયા હતા અને તાપ અનુભવ્યો હતો. હવામાન વિભાગ તરફથી ઓછા તાપમાનની કોઈપણ ચેતવણી જારી કરવામાં આવી નથી. આજે

ભારત નિર્માણ કરીએ

● અનુસંધાન પહેલાનું ચાલુ

કરવામાં આવશે. વોટબેંકની રાજનીતિ રમી રહેલી કોંગ્રેસ ઉપર પ્રહાર કરતા મોદીએ કેન્દ્રીય ગૃહ પ્રધાન સુશીલકુમાર શિંદે પર પ્રહાર કર્યા હતા અને કહ્યું હતું કે, શિંદે મુસ્લિમોની ધરપકડ નહીં કરવા રાજ્યોને કહી રહ્યા છે. તેમણે ઉમેર્યું હતું કે, તમામ માટે કાયદો એક સમાન છે. ધર્મના આધાર પર ધરપકડ થવી જોઈએ કે કેમ તેવો પ્રશ્ન મોદીએ ઉપસ્થિત લોકોને કર્યો હતો. ભ્રષ્ટાચાર મામલે કોંગ્રેસ ઉપર પ્રહાર કરતા મોદીએ કહ્યું હતું કે, મનમોહનસિંહ સરકારે સ્થાપિત સંસ્થાઓને તોડી પાડી છે. દેશના બંધારણીય માળખાને ભારે નુકશાન થયું છે. વિજય સંકલ્પ રેલીમાં મોદીએ ભાજપની ઈમાનદારી સામે પ્રશ્નો ઉઠાવી રહેલા લોકો ઉપર પણ આકરા પ્રહારો કર્યા હતા. પરોક્ષ રીતે આમ આદમી પાર્ટીના નેતા અરવિંદ કેજરીવાલની પણ ટીકા કરી હતી. મોદીએ ટકોરમાં કહ્યું હતું કે, તેઓ મીડિયામાં અને ટેલીવિઝન ઉપર વધારે દેખાતા નથી. પરંતુ લોકોના મનમાં રહે છે. ભાજપની ઈમાનદારીને લઈને વાત કરતા મોદીએ કહ્યું હતું કે, દેશમાં ખૂબ સારૂ શાસન કરી ચુકેલા ભૂતપૂર્વ વડાપ્રધાન અટલબિહારી વાજપેયી સાથે આજે તેમનું પોતાનું મકાન નથી. મોદીએ પરોક્ષરીતે કેજરીવાલની ટીવી વાળા નેતા તરીકે ગણાવ્યા હતા. પોતાના સંબોધનમાં મોદીએ તમામ મુદ્દાઓને આવરી લીધા હતા. જેમાં વિકાસની બાબતનો સમાવેશ થાય છે. ગોવાના મુખ્યમંત્રી મનોહર પારીકરની મોદીએ ભરપૂર પ્રશંસા કરી હતી અને કહ્યું હતું કે, જો પારીકર દિલ્હીમાં રહ્યા હોત તો ચિત્ર અલગ રહ્યું હોત. નરેન્દ્ર મોદીએ પરોક્ષરીતે કહ્યું હતું કે, ટેલિવિઝન ઉપર જોવાથી લોકોનું ભલુ થશે કે પછી દેશને નવી વિચારધારા રાખનાર લોકોથી ભલુ થશે. પ્રથમ વખત મોદીએ પરોક્ષરીતે આમ આદમી પાર્ટી ઉપર પ્રહારો કર્યા હતા. સુશીલકુમાર શિંદે પર તેમના પ્રહારોને ખૂબ મહત્વપૂર્ણ રાજકીય વર્તુળોમાં ગણવામાં આવે છે. શિંદેને નિર્દોષ લોકોને ન્યાય અપાવવાની વાત કરવી જોઈએ. જેના બદલે તેઓ ફરીવાર સાંપ્રદાયિક મુદ્દાઓની વાત કરી રહ્યા છે. મોદીએ તેમના ભાષણમાં પર્યાવરણ પ્રધાન રહી ચુકેલા જયંતી નટરાજન ઉપર પણ પ્રહાર કર્યા હતા અને કહ્યું હતું કે, પર્યાવરણ મંત્રાલયને લઈને હોબાળો મચ્યો છે. ફાઈલો રોકી દેવામાં આવી છે. પૈસા વગર કામ થતું નથી. લોકો કહી રહ્યા છે કે દિલ્હીમાં જયંતી ટેક્સ ચાલી રહ્યો છે. જયંતી ટેક્સ વગર પર્યાવરણ મંત્રાલયમાં ફાઈલ પાસ કરવામાં આવતી નથી. લોકોના દુઃખમાં દુઃખી-લોકોના સુખમાં સુખી હોવાની ભાજપના સંસ્કારમાં છે.

વિભાગોને તાકીદ...

● અનુસંધાન છેલ્લાનું ચાલુ

રાજય સરકારે જાન્યુઆરી ૨૦૧૪ના પગાર બીલો ૨૩-૧-૨૦૧૪ પહેલા રજુ કરવા ઉપાડ અને ચૂકવણાં અધિકારીઓને સૂચના આપવામાં આવેલ છે. જે ઉપાડ અધિકારીઓ ૨૩-૧-૧૪ પછી પગાર બીલો તિજોરી કચેરીમાં રજુ કરશે તો બીલો જિલ્લા તિજોરી કચેરીઓ સ્વીકારશે નહિ અને આ પગાર બીલો રજુ કરવા માટે વિભાગના સચિવની અનુમતિ મળ્યા બાદ જ જિલ્લા તિજોરી કચેરીઓ સ્વિકારશે.

બેગની ચિલઝડપ...

● અનુસંધાન છેલ્લાનું ચાલુ

મહેન્દ્રસિંહના હાથમાંથી રૂ. ૭૫,૫૦૦ ભરેલી બેગ ખેંચી લઈને વાનમાં બેસી ગયો હતો અને ડ્રાઈવરે વાન ભગાડી મુકી હતી. રૂપિયા ભરેલી બેગની ચિલઝડપ કરીને વાનમાં આવેલા બે શખ્સો ફરાર થઈ ગયાનાં મેસેજ પોલીસને મળતા દોડધામ મચી ગઈ હતી. પોલીસનાં હાથમાં તે શખ્સો આવ્યા ન હતાં. વેપારી મહેન્દ્રસિંહની ફરિયાદ લઈને સે-૭ પોલીસે ગુનો નોંધી બંને ગઠિયાઓને પકડવા ચક્રો ગતિમાન કર્યા છે.

નિરોગી બનાવે જ..

● અનુસંધાન પહેલાનું ચાલુ

આજે અમને જે કંઈ મળ્યું છે તેનો આનંદ સવિશેષ છે. તેમણે જણાવ્યું કે મારા ચારેય સંતાનો દિકરી સાકર, દિકરા રાવજી, પરસોત્તમ અને ચીમનભાઈ આજે બધા વ્હાલા છે. બધા દિકરા અને પૌત્રો અમને સાચવે છે પણ અમને બહુ સાચવે એ પસંદ નથી. અમે આજે પણ અમારું કામ જાતે જ કરીએ છીએ. બધા સુખી છે અને ભગવાન તેમની સમૃધ્ધિમાં વૃધ્ધિ કરે તેવા આશિષ છે. સંયુકત કુટુંબની ભાવના સાથે અમે જીવ્યા છીએ આ પરંપરા આજે પણ અતૂટ રહી છે તેનો આનંદ છે.

પ્રાણદાદા સાથે નાની વયે લગ્ન કર્યા હતા. કાકા-કાકી અને ફોઈએ મોટા કરી મને બહુ સાચવી હતી. બે આનાની શેર જલેબી અને દુધ ખાવાની મઝા ખુબ પડતી હતી. તેમણે જણાવ્યું કે એ જમાનામાં ૪રૂ. કિલો ચાંદી અને ૨૦ રૂ. સોનું મળતું હતું. ત્રણ ભેંસો રાખતા સાંજે ખીચડી ઘીમાં ફીણી અને હું તેમને પીરસતી હતી. અર્ધો શેર દૂધની કોફી સવારે પીવડાવતી હતી. નામુ લખતા જાય ને છોકરાઓને ભણાવતા જોવાની મને બહુ મઝા આવતી હતી.

શતાયુ પૂર્ણ કરનાર પ્રાણદાદાએ જણાવ્યું કે કેળવણી તો ગાયકવાડ સરકારની આજની કેળવણી કેળવણી છે જ નહિ. એ જમાનામાં ફરજીયાત શિક્ષણ હતું અને શાળાએ નહિ જતા પરિવારને દંડ કરાતો.

તેમણે જણાવ્યું કે મહારાજની સવારી આવે એટલે વિદ્યાર્થીઓને અંબાડી પરથી નોટો વિતરણ કરાતી હતી. તેમજ ચાર ચોપડીનો અભ્યાસ પૂર્ણ થાય એટલે અંગ્રેજી શિક્ષણ માટે માસ્તર ઘેર આવી કહી જાય. વાંચન પ્રત્યેની અભિરૂચિ આજનું શિક્ષણ જગાવી શકતું નથી તેનું તેમણે દુઃખ વ્યકત કરતાં જણાવ્યું કે આજે પણ મારે નિયમિત છાપુ વાંચવાની ટેવ છે. પુસ્તકો વાંચવા આજે પણ ગમે છે. ટપાલ પણ હું રેલવે સ્ટેશને જ વાંચતો હતો. પ્રાણદાદાએ કહ્યું કે નામું લખવાની મઝા આવતી ગણિતના સરવાળા-બાદબાકીનું મેળવણુ કરવાનો આનંદ આજે પણ છે. તેમણે જણાવ્યું કે એક જ ખરી તમાકુની હતી. ચાંદીના રૂ. અમે જોયા છે. પદ્દના દુકાળને પણ અમે જોયો છે. અમારી કેળવણીએ અમને પરિસ્થિતિને પચાવતા શીખવાડી છે. જયારે આજની કેળવણી પરિસ્થિતિનો વિરોધ જગાવવાનું શીખવે છે. સહનશકિતનું ઘટતું જતું પ્રમાણ સામાજિક સમરસતા માટે ચિંતાનો વિષય છે તેમ તેમણે કહ્યું હતું.

નિષ્ઠા પૂર્વકની મહેનતની તાકાત એટલી છે કે રેલવે માર્ગે પસાર થતા રાજકીય નેતાઓ એ જમાનામાં પણ ભુરાભાઈની તમાકુની ખરીમાં ખોટું નહિ થાય અને નહિ ચાલે તેવું કહેતા હતા. નિયમિતતા અને ચોકસાઈના ગુણો ભુરાભાઈના જીવનમાંથી શીખેલા ગુણો છે. શ્રી પ્રાણદાદાએ કહ્યું કે શિક્ષણ જિજ્ઞાસા જગાવનારું હોવું જોઈએ. સોંઘવારીની વાતો કરતાં તેમણે કહ્યું કે મારી જાન જોડી અમે ઝુંડાલ બળદગાડામાં ગયા હતા. ત્રણ દિવસ મારી જાન રોકાઈ હતી. આજે લગ્ન એક દિવસમાં પૂર્ણ થાય છે. અમદાવાદ સુધી ચાલીને જતા કાળુપુર મંદિરમાં ખાતા અને ખરીદી બાદ સાંજે પરત આવી જતા હતા. પરિવારની વૃધ્ધિ સાથે સંસ્કારોની જાળવણી કરવા તેમણે સૌને શીખ આપી હતી.

પવન સાનુકુળ રહેશે

● અનુસંધાન છેલ્લાનું ચાલુ

થતી સંકાંતિ પણ મંગળવારની છે. આ સંકાંતિ દિવસના ત્રીજા ભાગમાં થતા સંકાંતિ ફળ પ્રમાણે જયોતિષ ફળ કથનથી બજારો ઉપર અસર કર્તા ગણાય.

પતંગ ચઢાવવા માટે આ ઉત્તરાયણ ગુજરાતમાં પતંગ પર્વ પણ બની રહેતું હોય છે. આથી આ દિવસે પતંગ રસિયાઓ પવન કેવો રહેતો હોય છે તેની ગતિ વિધિ અંગે ચિંતિત હશે.

જાન્યુઆરી તા. ૧૫ ના રોજ પવન વધે. પવનની ગતિ ૧૦ થી ૧૨ કિમી થઈ શકે. રાજયના કોઈ કોઈ ભાગમાં વધી શકે. ઉત્તરાયણે રાજયના જુદા જુદા ભાગોમાં પવનની ગતિ ભિન્ન ભિન્ન રહે. સામાન્યતઃ ૨ થી ૬ કિમી ગતિનો અંદાજ મુકી શકાય. કોઈ કોઈ ભાગમાં પવન ચઢે. ૭ થી ૧૨ કિમીનો પવન થઈ શકે.

ભારે ઘસારો..

● અનુસંધાન છેલ્લાનું ચાલુ

માણસા જેવા વિસ્તારોમાં 'આપ'ના કાર્યાલયો શરૂ થયા છે. સમયમાં ગામે ગામ કાર્યાલયો શરૂ થશે. ગ્રામ્ય વિસ્તારોમાં જ્યાં અત્યાર સુધી ભાજપ-કોંગ્રેસ જેવા પક્ષોનો જ દબદબો જોવા મળતો હતો. ત્યાં આજકાલ આપના કાર્યકરો સફેદ ટોપી પહેરી ફરતા જોવા મળી રહ્યા છે. દહેગામમાં તો આપ પાર્ટીમાં જોડાવવા માટેના ફોર્મ ખુટી પડ્યા હતા. સભ્યપદ નોધાવવા ભારે ઘસારો જોવા મળ્યો હતો. રાષ્ટ્રીય પક્ષો સમયસર નહી જાગે તો 'આપ'નો વ્યાપ ગુજરાતમાં ફેલાતા વાર નહી લાગે.

ટાઈમ લાઈન...

● અનુસંધાન છેલ્લાનું ચાલુ

કોંગ્રેસ માટે મોદીનો ભય નહીં હોય તેથી તેઓ આરામથી આગામી વિધાનસભાની ચૂંટણી-૨૦૧૭ માટે મુખ્યમંત્રી કક્ષાનો યુવા નેતા પેદા કરી શકે છે. આ યુવા નેતા માટે કોંગ્રેસના સંપૂર્ણ માળખાને વિખેરીને નવું માળખું બનાવવું પડશે.''આ શબ્દો કોંગ્રેસના એક સિનિયર નેતાના છે. કહેવામાં ઘણી ઉતાવળ છે પરંતુ મોદી જે રફતારથી આગળ વધી રહ્યાં છે તે જોતાં કોંગ્રેસે પણ તેની કાચબા ગતિમાં પરિવર્તન કરવું પડશે. મોદી સામે ધિક્કારથી જોવાની જગ્યાએ કોંગ્રેસના નેતાઓએ મોદીને પરાસ્ત કરવા માટે તેમનાથી ચડિયાતી ડેવલપમેન્ટની બ્યુપ્રિન્ટ ગુજરાતની છ કરોડ જનતાને આપવી પડશે...

૧૯૯૫ અને તે પછીની પ્રત્યેક ચૂંટણીમાં જોયું છે કે કોંગ્રેસને ભાજપ નહીં કોંગ્રેસના નેતાઓ જ હરાવે છે. ચૂંટણી પહેલાં ભલે ઝઘડતા પરંતુ ચૂંટણી આવે એટલે એક થાળીમાં જમતા ભાજપના નેતાઓની એકતા સામે કોંગ્રેસ ચૂંટણી દરમ્યાન તેમના જ ઉમેદવાર સામે બદલાની ભાવનાથી ભાજપને મદદ કરે છે તેથી કોંગ્રેસને હારનો સામનો કરવો પડે છે. આ સિનિયર નેતાએ કહ્યું હતું કે કોંગ્રેસમાં ટીકીટ માટેના આંતરિક ઝઘડા બંધ થાય તો રાજયમાં કોંગ્રેસ ફરીથી ઉત્તમ પ્રદર્શન કરી શકે તેમ છે. માત્ર બેફામ વાણી વિલાસમાં રાચતા હાલના પ્રદેશ નેતાઓએ એક વ્યકિતની પાછળ પડી જવા કરતાં પાર્ટીનો એજન્ડા પ્રજા સમક્ષ મૂકવો પડશે, નહીં તો કોંગ્રેસને નામશેષ થતાં વાર નહીં લાગે....

લીડર હીરો પણ પેદા કરે અને ઝીરો પણ બનાવે...

કહેવત છે કે આત્મબળ અને ઈચ્છાશકિત હોય તો માનવી કોઈપણ જગ્યાએ પહોંચે છે, પણ આ બન્ને ગુણોનો અભાવ હોય તો લીડર પણ તેના સમર્થકને નિરાશા સિવાય કંઈ આપી શકતો નથી. લીડર એ એક એવી વ્યકિત છે કે જે તેના સમર્થકને બુલંદી ઉપર પહોંચાડી શકે છે અને ઉંડી ખાઈમાં પણ ધકેલી શકે છે. ગુજરાત ભાજપમાં બે લીડરોની કહાની છે જેમાં એક લીડરે સમર્થકોને હીરો બનાવ્યા છે અને બીજા લીડરે સમર્થકોને ઝીરો કરી નાંખ્યા છે...

ભાજપ છોડીને કોંગ્રેસમાં ગયેલા એક પૂર્વ ધારાસભ્યએ બળાપો કાઢતાં કહ્યું હતું કે ૨૦૦૧??? સત્તા છોડ્યા પછી કેશુભાઈ પટેલ સાથે જે સમર્થકો દીલ અને દિમાગથી જોડાયા તેમનું રાજકીય પતન થયું છે. છેલ્લા ૧૦ વર્ષમાં મોદી સામેની મુહિમમાં કેટલાય નેતાઓએ ઉજળી કારકિર્દી જોખમમાં મૂકી દીધી છે. બીજી તરફ પાર્ટીમાં કોઈ જેમને ઓળખતું પણ ન હતું તેમને બીજા લીડર નરેન્દ્ર મોદીએ રાજકારણની ટોચ ઉપર મૂકી દીધા છે. ભાજપની સરકારમાં એવા પણ પ્રધાનો છે કે જેમણે ક્યારેય પ્રધાન બનવાના ખ્વાબ પણ જોયા નથી. ૭૦ ટકા ધારાસભ્યો એકમાત્ર લીડરના નામથી ચૂંટાઈ આવે છે. લીડરની આ કમાલ છે, મજબૂત નેતૃત્વનો પ્રતાપ છે...

ભોજન ધન અને પત્નિ - પરદા હોના ચાહિયે...

જર, જમીન અને જોરૂં એ ત્રણેય કજીયાના છોરૂ.. એવી એક કહેવત છે અને તે વર્તમાન સમયમાં પણ સાચી પડે છે. આપણા સમાજ કલ્યાણ વિભાગના એક અધિકારી કે.જી.વણઝારાએ એક નવી કહેવત બનાવી છે અને તે પણ વર્તમાન સમયમાં લાગુ પડે તેવી છે. સચિવાલયના પટાંગણમાં મુલાકાત થઈ તો વણઝારાએ વાત વાતમાં કહ્યું કે ભોજન, ધન અને ગૃહલક્ષ્મી એટલે કે પત્નિ ઢાંકેલી સારી, કારણ કે ઢાંકેલા ભોજનનો સ્વાદ સારો આવે છે, ઢાંકેલું ધન કોઈ ચોરી શકતું નથી અને સંપૂર્ણ કપડાંથી ઢંકાયેલી પત્નિ ઉપર કોઈની બુરી નજર પડતી નથી....

વણઝારાએ આગળ વધીને નફરતથી કહ્યું કે આજની ફિલ્મોએ તમામ મર્યાદાઓ તોડી નાખી છે. અશ્લિલતા જાણે કે કલા ઉપર હાવી બની ચૂકી છે. મુગલે આઝમ જેવી ઐતિહાસિક ફિલ્મમાં તો હિરોઈનને ટચ કર્યા વિના મોરપીછથી તેના સૌંદર્યના વખાણ કરવામાં આવતા હતા. પગ થી માથા સુધી કપડાના અલંકારોથી હિરોઈનની શોભા વધતી હતી, જયારે આજે ઓછા કપડાંથી સૌંદર્યને માપવામાં આવે છે. ગ્રાન્ડ મસ્તી જેવી ફિલ્મો સમાજને શું મેસેજ આપવા માગે છે તે સમજાતું નથી...કાઈમ અગેઈન્સ વુમન માટે મોટા અંશે આપણી દ્વિઅર્થી તેમજ અશ્લિલ ફિલ્મો જવાબદાર છે...

સ્વર્ણિમ સંકુલ-૨ રાજયકક્ષાના -ધાનોના હવાલે...

સ્વર્ણિમ સંકુલ-૧ એટલે કે મુખ્યપ્રધાન અને કેબિનેટ પ્રધાનોની સરકારી ઓફિસ અને સ્વર્ણિમ સંકુલ-૨ રાજયકક્ષાના પ્રધાનો માટે તૈયાર થયેલું સંકુલ છે. ઉત્તરાયણ પછી સચિવાલયમાં બેસતા રાજયકક્ષાના ૧૫ પ્રધાનો હવે નવી કચેરીમાં બેસશે. આ બન્ને વીવીઆઈપી સંકુલમાં સલામતીના કારણોસર ૯૦ સીસીટીવી કેમેરા લગાવવામાં આવ્યા છે. ૧૫૦ કરોડની આ બન્ને ઈમારતમાં બેસવાનું કેવું લાગે છે...?...તેવો સવાલ પ્રધાનના સ્ટાફને કરીએ તો એક જ વાક્ય કહે છે... ''જવાદો ને યાર, ત્યાં સારા હતા. મતલબ કે બિલ્ડીગમાં કોઈ ખામી નથી પણ સ્ટાફને અનુકૂળ આવતું નથી, ભીડભાડ હોય ત્યારે શ્વાસ લેવામાં પણ તકલીફ પડે છે....''

સચિવાલયમાં બે કોર્પોરેટ ઈમારતો બનાવી દેવામાં આવી છે પણ તેમાં હજી 'પારકું ઘર' હોવાની અનુભૂતિ કરવામાં આવે છે. માર્ગ-મકાન વિભાગના એક અધિકારીએ કહ્યું હતું કે 'નવી જગ્યાએ સેટ થતાં થોડો સમય લાગે છે. સમય જવા દો, બધાંને આ ઓફિસ માફક આવી જશે, પછી જૂની ઓફિસને ભૂલી જશે..' સરકારે સ્વર્ણિમ સંકુલના બન્ને બિલ્ડીગને પહેલાં નોર્થ બ્લોક અને સાઉથ બ્લોક એવા નામ આપ્યા હતા, પણ જયારે ઉદઘાટન કરવામાં આવ્યું ત્યારે નામ બદલાઈ ગયા...આવું કેમ થયું.. તેવા પ્રશ્નના જવાબમાં અધિકારીએ કહ્યું હતું કે 'તમે જાણો છો, ને કે નામ કોણ પાડે છે...'

વાયબ્રન્ટ સમિટમાં મોદી યજમાન કે મહેમાન....

વાયબ્રન્ટ સમિટ-૨૦૧૫?? તૈયારીઓ પૂરજોશમાં ચાલી રહી છે પણ તેનું ઉદ્ઘાટન કોણ કરશે તે પ્રશ્ન સેક્રેટરીઓને સતાવી રહ્યો છે, એક અધિકારીએ નારાજ થઈને કહ્યું હતું કે ૨૦૧૪??? લોકસભાની ચૂંટણી પછી નરેન્દ્ર મોદી જો પ્રાઈમ મિનિસ્ટર તરીકે બેસી જાય તો આપણી સમિટનું શું થશે, આપણે આટલી મહેનત કરીએ છીએ પછી પરિણામ મળશે કે નહીં ... બીજા અધિકારીએ પ્રત્યુત્તરમાં કહ્યું કે ચિંતા ના કરશો, તેમણે આપણને તૈયારી કરવાનું કહ્યું છે આપણે તૈયારી કરીએ...મોદી સાહેબ યજમાન બનીને આવશે કે મહેમાન તે સમય જ નક્કી કરશે...

આ વખતની વાયબ્રન્ટ સમિટ રસપ્રદ બની રહેશે. મોદી સરકારની સાતમી વાયબ્રન્ટ સમિટ ૧૧ થી ૧૩ જાન્યુઆરી-૨૦૧૫??? મહાત્મા મંદિરમાં યોજાવાની છે એ પહેલાં ૨૦?? જાન્યુઆરી-૨૦૧૪? કંપનીઝ એક્ટ હેઠળ મહાત્મા મંદિરમાં કોર્પોરેટ સોશ્ય